## પુષ્ટિ-અસ્મિતા
## ભાગ (૩)

સસ્નેહ ઊપહાર
ગોસ્વામી શ્યામ મનોહર
૬૩,સ્વસ્તિક સોસાયટી,
૪થો રસ્તો,જુહુસ્કીમ,
મુંબઇ ૪૦૦ ૦૫૬.

**એ સાઇડ**

(૧)

મન તે મોહનમાં શેંના મોહ્ય ? તેને કાજે શિદ ચિત્ત ના પ્રોય ?
જગ-મન-મોહન મદન છે ને મદન-મનોહર કૃષ્ણ.
જો તેમાં મન મોહ પામે તો પૂરણ થાય પ્રીતતૃષ્ણ.
દ્રવ્ય દેખી સહૂ કોઇ ધાય તે દ્રવ્ય છે જેનો અંશ.
તે કમળા મોહ પામી રહી છે સહૂ મનમોહન અવતંસ.
જેની રચના જોઇનેરે મોહ પામે સહુ જન.
તે કર્તામાં કમી કેવી રહે 'દયા' વિચારો મન.
ભક્તકવિ દયારામભાઈ

દ્રવ્ય-સંપદાની અધિષ્ઠાત્રી દેવી લક્ષ્મી. તે તો પોતે મનમોહન ઊપર સંપૂર્ણપણે મોહિત હોવાથી તેની સેવામાં અનુરત રહે છે! તે દ્રવ્યની ઘેલછામાં, પરંતુ, આપણે મનમોહન ઊપર મોહિત બની જતા નથી. આવું કેમ? મહાપ્રભુ સમજાવે છે કે આપણાં ચિત્તમાં જો પરમાત્મા પ્રત્યે પ્રેમ હોય તો, તેવા પ્રેમાળ ચિત્તથી નિહાળતાં, સર્વત્ર વિદ્યમાન્ પરમાત્મા પોતે જ પ્રકટ મળી જતો હોય છે! તે

પરમાત્માના  પુષ્ટિસ્વરૂપ પ્રત્યે, પરન્તુ, પ્રેમ ત્યારે જ જાગી શકે કે જ્યારે તે પરમાત્માને અનુભવ્યા વિના, આપણા હ્રદયમાં દ્વદ્વ આપણાં નયનોમાં, તાપકલેશની અનુભૂતિ કે અકળામણ જેવું કાંઈક  અનુભવાતું હોયઃ''વ્યાપકથી વાતો નવ થાય તે વિના જીવ અકળાય. પ્રકટ મળે સુખ થાય શ્રીગિરિધર પ્રકટ મળે સુખ થાય!''

(૨)

પ્રકટ મળે સુખ થાય ! શ્રીગિરિધર પ્રકટ મળે સુખ થાય !
અંતર્યામી અખિલમાં છે તેથી  કહો કોનું દુઃખ જાય?
તૈલ વિના સ્ફુટ તિલ પૂરેથી દીપક કેમ પ્રકટાય?
પ્રકટ પાવક કાષ્ઠને ભેટે ના શી પેરે શીત સમાય?
વ્યાપકથી વાતો નવ થાય તે વિના જીવ અકળાય!
રસિયા જન મન રંજન નટવર 'દયા-પ્રીતમ' રસરાય.
ભક્તકવિ દયારામભાઈ

''યાવદ્ બહિઃસ્થિતો વહ્નિઃ પ્રકટો વા વિશેન્નહિ, તાવદંતઃસ્થિતોપ્યેષ ન દારુદહનક્ષમઃ, એવં સર્વગતો વિષ્ણુઃ પ્રકટશ્ચેન્ન તદ્ વિશેત્, તાવન્ન લીયતે સર્વમ્ ઈતિ કૃષ્ણસમુદ્યમઃ''સંગ વિના આપણું ચિત્ત કોઈ રંગમાં રંગાતું નથી. તેથી મહાપ્રભુએ પુષ્ટિપ્રભુનો પ્રકટ સંગ કેળવવાદ્વદ્વ''ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''નો દિવ્ય ઉપદેશ આપ્યો હતો. લજ્જાવિહોણી ધનલાલસા અને નિષ્ઠાવિહોણી અંધશ્રદ્ધા ને કારણે શ્રીકૃષ્ણસેવાના તે દિવ્ય પ્રકારને આજે આપણે વિસરાવી દીધો છે. એકને માટે તે  ચિત્તહારી ગુરુનો સ્વધર્મ હોવાને ઠેકાણે વિત્તહારી વિક્રેતાનો ધંધો બની ગયી છે. બીજાને માટે ભગવત્સેવક હોવાને ઠેકાણે ભગવાન્ની ઝાંખી અને મઠડી-મોહનથાળ ને તૈયાર માલની માફક ખરીદી લેવાનો શોખ. તેથી પુષ્ટિમાર્ગીઓની મતિમાં ખોટી ભ્રમણા આજે ભરાઈ ગઈ કેઃ''ઘરના ઠાકોરજી હોય ભાવના જ ભૂખ્યા પણ બાંધેલો નેગ કેમ નભશે મંદિરિયે બાંધેલો નેગ કેમ નભશે!'' આ તો  ઘોડા ઊપરથી ગબડી પડેલા વરરાજાના વરઘોડામાં

નાચવામાં મશગૂલ બનેલા જાનૈયાઓની ગાફેલિયત જેવું કાંઇક થઇ ગયું ! ત્યારે તનુવિત્તજા સેવા કેમ થાય ?

(૩)

મારા તે વિત્ત ના લેણીયાત છે ઘણાં દેવલકજી
કે મારે તનુવિત્તજા કેમ કરવી ! થયાં છે ઘણાં દેવલકજી
ઘરમાં ભજું તો મને તેડું મોકલાવે : ''ફૂલમંડલી કોણ ભરશે મંદિરિયે ફૂલમંડલી કોણ ભરશે ?''
કે મારા ઘરના ઠાકોર ક્યાં જાય ! થયાં છે ઘણાં દેવલકજી.
સમાધાની મારે ઘેર આવી-આવીને 'જય શ્રીકૃષ્ણ!' કહી માગે મનોરથો 'જય શ્રીકૃષ્ણ!' કહી માગે.
કે મારા કૃષ્ણની શ્રી લઇ જાય ! થયાં છે ઘણાં દેવલકજી.
''ઘરના ઠાકોરજી હોય ભાવના જ ભૂખ્યા પણ, બાંધેલો નેગ કેમ નભશે મંદિરિયે બાંધેલો નેગ કેમ નભશે?''
કે આવી વાત કહી પૈસા પડાવે ! થયાં છે ઘણાં દેવલકજી.
ગોસ્વામી શ્યામ મનોહર

ઘર-સંસાર ચલાવવાના ધરમના ધંધાના રૂપે ભગવત્સેવા કાંઇ ઊપદેશાયેલી નથી. જોકે આજે તે આવા જ રૂપમાં વિકૃત થઇ ગઇ છે, તેથી સિદ્ધાંતના આદર્શ અને વ્યવહારની વિકૃતિ વચ્ચે મધ્યમાર્ગ શોધવાની મથામણમાં આપણે મશગૂલ બન્યાં છીએ. તેવો મધ્યમાર્ગ મહાપ્રભુના વચનોને આધારે તો મળી શકતો નથી. એટલે ના છુટકે વ્યાકરણશાસ્ત્રના ક્ષુદ્રનિયમોનો શપથ લેવો પડે છે કે''બે શબ્દોના જોડકાની પાછળ આવતો ત્રીજો શબ્દ પોતાની અગાઉ આવેલ બન્ને શબ્દો સાથે નોખો-નોખો જોડાય છે''. જોડણીના આવા નિયમોને કારણે એક તનુવિત્તજા જો બે નોખી-નોખી તનુજા અને વિત્તજા બની જતી હોય; તો 'રામકૃષ્ણદાસ'નામના એક વરરાજાને પરણાવેલી વધૂના પણ, એક રામદાસ અને બીજો કૃષ્ણદાસ, એમ બે વરરાજાઓ સ્વીકારવા પડશે ! વ્યાકરણવિશારદો(!)ને જે સ્વીકારવું હોય તે

સ્વીકારે પણ  વરવધૂને તે સ્વીકાર્ય બને ખરું? ભક્તકવિ દયારામભાઈ આ સવાલનો જવાબ આપે છેઃ''શૂં જાણે વ્યાકરણી વસ્તુને શૂં જાણે વ્યાકરણી!''

(૪)

શૂં જાણે વ્યાકરણી! વસ્તુને શૂં જાણે  વ્યાકરણી!
મુખ પર્યંત ભર્યું ઘૃત તોય તેનો સ્વાદ ન જાણે કાંઈ બરણી!
સુંદર રીતે શાક વઘાર્યું પણ  ભોગ ન પામે કાંઈ ભરણી!
અંતર માંહે વસે અગ્નિ પણ   આનંદ ન પામે કાંઈ અરણી!
નિજ નાભિ માં કસ્તુરી છે પણ હર્ષ ન પામે કાંઈ હરણી!
'દયા' કહે ધન દાટયું ઘણૂં પણ  ધનવંત કહાવે ન ધરણી!
ભક્તકવિ દયારામભાઈ

વ્યાકરણશાસ્ત્ર તો બોલાતી વાણીના નિયમોની નિરીહ  ચકાસણી છે. તેથી બોલવાની રીતિ બદલાતાં કાં તો વ્યાકરણના નિયમો અથવા તો બોલાતી ભાષા પોતે જ બદલાઈ જતી હોય છે. સહુ પુષ્ટિમાર્ગીઓ માટે શ્રીવલ્લભાધીશ તો, બોલાતી વાણીથી અગોચર એવી રસભાવાત્મિકા બ્રહ્માનુભૂતિના નિયમોના ઉપદેશક, 'વાક્પતિ' આચાર્ય છે. તેથી વ્યાકરણનિયમોની ખોટી સમજને આધારે વાક્પતિ શ્રીવલ્લભની વાણીના ખોટા અર્થઘટન પુષ્ટિજીવોને ક્યારે પણ  માન્ય થઈ શકતા નથી. મહાપ્રભુની આજ્ઞાનો  નિખાલસ વિચાર કરતાં તો દરેક પુષ્ટિજીવ માટે શ્રીકૃષ્ણસેવાની આટલી તાતી આવશ્યકતા છે કે ભાગવતતત્ત્વજ્ઞ દંભાદિરહિત કૃષ્ણસેવાપરાયણ નર જો જડતો ન હોય તો પુષ્ટિજીવ  જાતે પણ  કૃષ્ણસેવામાં તત્પર થઈ શકે છેદ્ભદ્ભ''તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્ પરિચર્યાં સદા કુર્યાત્''. તો જે આપણને કૃષ્ણસેવાથી વંચિત જ રાખવા માગતો હોય તેનો સંગ કરાય ? મહાપ્રભુ''સંગઃ સર્વાત્મના ત્યાજ્યઃ''આજ્ઞા જે કરે છે, તે એવા લોકોના દુઃસંગને જ તો ધ્યાનમાં રાખીને.

(૫)

જે હરિ ને ભજતાં વારે તેને તરત તજો.
અતિ રતિ આણી રે શ્રીરાધાવર ને ભજો.
જનની ભરતે, જનક પ્રહ્લાદે, તજ્યાં વિભીષણે ભ્રાત.
ઉગ્રસેને સુત, પતિ ઋષિપત્નીએ, બલીએ ગુરુ સાક્ષાત્.
સહૂ શાસ્ત્ર તેના સાખી રે તોય તું ના સમજ્યો.
જે પ્રતિકૂલ હોય કૃષ્ણને સેવતાં તેને વળગવું વ્યર્થ.
અવસર એળે જાય છે આપણો મહાદુર્લભ વિણ અર્થ.
'દયા' ધોનિ ડંકોરે લૌકિક થકિ શાને લાજો.
ભક્તકવિ દયારામભાઈ

''સહુ શાસ્ત્રો તેના સાખીરે તોય તૂં ના સમજ્યો. જે પ્રતિકૂલ હોય કૃષ્ણને સેવતાં તેને વળગવું વ્યર્થ, અવસર એળે જાય છે આપણો મહા દુર્લભ વિણ અર્થ, જે હરિને ભજતાં વારે તેને તરત તજો!'' તો પકડવું કોને ? મહાપ્રભુ આજ્ઞા કરે છે: ''ગુણેષ્વાવિષ્ટચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ, સંસારવિરહક્લેશૌ ન સ્યાતાં હરિવત્સુખં...ભગવદ્ધર્મસામર્થ્યાદ્ વિરાગો વિષયે સ્થિરઃ, ગુણૈર્હરિઃ સુખસ્પર્શાન્ન દુઃખં ભાતિ કર્હિચિદ્, એવં જ્ઞાત્વા જ્ઞાનમાર્ગાદુત્કર્ષો ગુણવર્ણને, અમત્સરૈરલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ''. પ્રભુના ગુણોનું સહજગાન અશેષ અશુભોને હરનારું હોય છે તેથી''ગાને સહેજે ગોવિંદ ગાને સહેજે તારા દુઃખ સહુ જાય ગોવિંદ ગાને સહેજે!''

(૬)
ગાને સહેજે ગોવિંદ ગાને સહેજે
તારા દુઃખ સહુ જાયે ગોવિંદ ગાને સહેજે
સુખ સહુ થાયે શ્રીગિરિવરધારી ગાને સહેજે
ભવના વૈભવનો ચિત્તમાં ચોંટ્યો છે રંગ
એના એ ભોગ કરડી ખાશે ભુજંગ
જેનું તૂં સુખ માણે તે દુઃખનો ભંડાર

પડતાં પેજારાં ખાતાં નહિં આવે પાર
આવ્યો ઓવારો પાછો વચમાં વહિ જાશે
'દયા' પ્રભુને ભુલે પાછળ પછતાશે
ભક્તકવિ દયારામભાઈ

રાત્રીના અંધકારનો અંત લાવનારી ઉષાની વધામણી પંખીડાઓ હૃદયનાં કેવા સહજ ઉમળકાથી ભરપૂર કલરવ સાથે કરતા હોય છે! તેવા સહજભાવથી ભગવદ્‌ગુણગાન કરો! મેઘોથી મંડિત ગગનની મહિમાનું કંઠથી સહેજ રીતે સરી જતું ગાન તે જ તો મોરલાનો મીઠો ટહુકો! મેઘશ્યામ શ્રીકૃષ્ણની ભાવમાધુરી હૃદયાકાશમાં ઘેરાતી હોય, તો મોરલાના ટહુકા જેવું જ, સહજ મધુરું ગુણગાન તે મધુરાધિપતિનું આવો આપણે પણ કરીએ! વસંત ઋતુના અનેરા વૈભવની વર્ણના આ ઉમંગ-સભર કોયલ કેવી સહજ 'કુહૂ-કુહૂ'થી કરતી હોય છે! તેવા સહજભાવથી વ્રજાધિપતિની પુષ્ટિલીલાના વૈભવનું આવો આપણે પણ ગાન કરીએ! પૂર્ણિમાના ચંદ્રમાના સહજ આકર્ષણને કારણે લહેરાતો આ સાગર પણ પોતાની ઊર્મિઓને જ તો સહજ નિનાદ સાથે પ્રકટ કરી રહ્યો છે! તેમ જ પોતાના આત્માનંદસમુદ્રમાં મહાલતા ષોડશકલાપૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રના ગુણોને સહુ પુષ્ટિજીવો સહજભાવે ગાવો "ગાને સહજે તૂં ગાને સહેજે ગોવિંદ ગાને સહેજે તૂં ગાને સહેજે!"

**બી સાઈડ**

(૧)

''તસ્માદ્ જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્નાએવ ન સંશયઃ, ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત્'' આ જગત્માં પુષ્ટિજીવોના જનમારાનો એકમાત્ર અર્થ કે પ્રયોજન તે નંદનંદનનું ભજન! પોતાના ઘરમાં બિરાજતા પુષ્ટિપ્રભુની સેવામાં પોતાનાં તન મન ધન અને સ્વજનો નો વિનિયોગ કરવા જે પુષ્ટિજીવ સક્ષમ ન થયો દ્ધદ્ધ તે મોટો વિખ્યાત ધનવાન્ થયો તો શૂં, જ્ઞાની થયો તો શૂં, વિરક્ત થયો તો શૂં; અથવા તો મોક્ષ પણ પામી ગયો તો શૂં?

નંદનંદન ભજ ભજ મન મારા કોટી કલ્પના ક્લેશ શમે રે.
જન્મ-મરણનો ભય જાય ભાંગી યમ કિંકર સ્વપ્ને ના દમે રે.
આનંદ સિંધુ ઉદય થાય અંતર જો તુને સેવન શ્રીશ્યામનું ગમે રે.
ચારે પદારથ દ્વારે રહે ઉભા ચૌદ લોક તુને ચરણે નમે રે.
નિર્ભય પદ પંકજ પુરુષોત્તમ જેને શેષાદિક સામાં નમે રે.
તે તુજને અર્પે 'દયાપ્રીતમ' નિશદિન તારા રુદિયામાં રમે રે.
ભક્તકવિ દયારામભાઈ

(૨)

આપણાં હૃદયમાં સ્થિરતયા પ્રભુને અહર્નિશ રમમાણ કેવી રીતે બનાવી શકાય? આપણું મન પોતે એટલું અલૌકિક ક્યાં હોય છે! મહાપ્રભુ આપણને સમજાવે છે: ''અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્યભાવનાદ્...અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ...અલૌકિકમનઃસિદ્ધૌ સર્વથા શરણં હરિઃ, એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેદ્, અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ, પ્રાર્થના કાર્યમાત્રેડપિ તતોડન્યત્ર વિવર્જયેત્''. મહાપ્રભુએ ક્યાંય એમ નથી કહ્યું કે જેનાથી જાતે ભગવત્સેવા નભતી ન હોય તેણે જાહેર મંદિરોમાં ધંધાકીય ધોરણે ગોઠવવામાં આવતી ઝાંકીઓના દર્શન કરીને સંતુષ્ટ થઇ જવું. અશક્ય કે સુશક્ય દરેક કર્તવ્યમાંદ્ધદ્ધ ભક્તિ કરવા પોતાના મનને અલૌકિક બનાવવું હોય કે બીજી પણ દરેક બાબતમાં પુષ્ટિપ્રભુનો અનન્યાશ્રય એટલે કાયિક વાચિક અને માનસિક બધી રીતે કેવલ પુષ્ટિપ્રભુની શરણાગતિ તે એકજ ઉપાય સાચો ઉપાય.

એક વર્યો ગોપીજનવલ્લભ નહિં સ્વામી મારે બીજો રે કોઈ.
અવર કોઈનું કામ ન મારે રીઝો કે હવે ખીજો રે કોઈ.
કૃષ્ણ કરે તે પ્રમાણ કારજ વણસો કે હવે સીજો રે કોઈ.
પ્રાણ જાય પણ અન્ય કૃતિમાં મન રખે હવે ભીજો  રે કોઈ.
હું ચાતક જલ સ્વાતિ શ્રીજી હું જખ ને હરિ વારી રે કોઈ.
હું હારીલ ને કાઠી હરિ દઢ વ્રત ધારી તે ધારી રે કોઈ.
અનન્ય પતિવ્રત જેને નહિં તેણે કહીયે અંહિ વ્યભિચારી રે.
શ્રીગુરુદેવ નભાવજો કહે ‘દયો’ સદા ટેક એહ મારી રે કોઈ.
ભક્તકવિ દયારામભાઈ

(૩)

આપણા માર્ગમાં મહાપ્રભુએ ભક્તિમાર્ગ અને શરણમાર્ગ ની જુદી-જુદી બે કેડીઓ જે પ્રકટ કરી હતી તેની પાછળ આપશ્રીની પુષ્ટિપ્રભુના હાર્દને પિછાણી શકવાની દિવ્ય સામર્થ્ય કામ કરી રહી છે, એમ સર્વોત્તમસ્તોત્ર આપણને સમજાવે છે: ‘‘પૃથક્ શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્’’. શરણમંત્ર અને સમર્પણમંત્ર ની બે જુદી-જુદી દીક્ષાઓની જુદી-જુદી બે તુલસીની કંઠીઓ આની સાક્ષી પૂરે છે. તેથી ભગવત્સેવાર્થે  તન-મન-ધન વિ. સર્વસ્વનું સમર્પણ-વિનિયોગ જે કરી ન શકતો હોય, તેના કંઠમાં સમર્પણની કંઠી પહેરાવવાની જ ન હોય. છતાંય આજે છલ-કપટથી પહેરાવવામાં આવે છે  અને પહેરવામાં પણ. અંતરમાં આવા છળ-કપટ રાખીને લીધેલ શરણ કે કરેલ સમર્પણ થી પ્રભુ ક્યારેય પ્રસન્ન થાય? અંતર્યામી હોવા છતાંય પ્રભુ શૂં આપણા અંતરના છળને જાણી નહિં લ્યે!

હરિ તુને પ્રસન્ન તે કેમ થાયે ? તારા અંતરનુ કપટ ન જાય !
તારા દિલનો છલ નવ જાય પ્રભુ તુને પ્રસન્ન તે કેમ થાય!
આ કરવું આ નવ કરવું એમ સહૂને શિક્ષા દે છે.
તેમાંથી તું કાંઇ નથી કરતો અનુચિત કરમ કરે છે.

અંતર નો છલ અન્ય ના લહે પણ જાણે અંતરયામી.
એતો સાચાના સંગી છે તે 'દાસ દયા' ના સ્વામી.
ભક્તકવિ દયારામભાઈ

(૪)

''પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ સ્વરૂપાંગક્રિયાયુતાન્, જીવાસ્તે હ્યાસુરાઃ સર્વે પ્રવૃત્તિં ચેતિ વર્ણિતાઃ...પ્રવાહેઽપિ સમાગત્ય પુષ્ટિસ્થસ્તૈર્ન યુજ્યતે, સોઽપિ તૈસ્તત્કુલે જાતઃ કર્મણા જાયતે યતઃ''. પુષ્ટિમાર્ગીના ઘરમાં જન્મેલો પ્રવાહિજીવ પુષ્ટિમાર્ગને અનુસરી શકતો નથી. તેમજ પ્રવાહમાર્ગીના ઘરમાં જન્મેલો પુષ્ટિજીવ પણ ક્યારેય પ્રવાહમાર્ગને વળગી શકતો નથી. પુષ્ટિમાર્ગ એ તો પ્રભુને નિશ્છલ-નિષ્કામ પ્રેમ સમર્પણ કરવાનો માર્ગ છે. એ પ્રભુએ પ્રેમ સ્વીકારવા સારુ જેનું વરણ ન કર્યું હોય તેવો જીવ પ્રભુને નિશ્છલ-નિષ્કામ પ્રેમ કેમ આપી શકે!

જે કોઈ પ્રેમ અંશ અવતરે પ્રેમરસ એના ઉરમાં ઠરે.
સાકરખોરનુ સાકર જીવન ખરના પ્રાણ જ હરે.
ક્ષારસિંધુનુ માછલડું જેમ મીઠાં જલમાં મરે.
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે કાંઈ અર્થ ના સરે.
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખિ ચંચુ ના ધરે.
એમ કોટી સાધને પ્રેમ વિણ પુરુષોત્તમ પૂંઠ ના ફરે.
'દયા પ્રીતમ' શ્રીગોવર્ધનધર પ્રેમભક્તિએ વરે.
ભક્તકવિ દયારામભાઈ

(૫)

પુષ્ટિમાર્ગીય ભક્તે ભગવત્સેવા ક્યાં કરવી ? સિદ્ધાંતમુક્તાવલી ભક્તિવર્ધિની અને સર્વનિર્ણય નિબંધ આ પ્રશ્નનું સમાધાન એમ આપે છે : સહૂથી પહેલા તો પોતાના ઘરમાંજ ભગવત્સેવા કરવાનો દ્રઢ આગ્રહ રાખવો જોઈયે. જો તેમ શક્ય ન હોય તો કોઈક એકાંત સ્થળે ઠાકોરજીની સેવા પહોંચીને પાછા ઝાંપીમાં પધરાવી પોતાના

નિવાસસ્થલે આવી જવું. જો તેમ પણ શક્ય ન હોય તો જે કોઈ ભગવદીય પોતાના ઘરમાં ભગવત્સેવા કરતો હોય તેનો સંગ; અને જો છૂટ આપે તો તેની સેવામાં નભતી ટહેલ કરવી. પોતે પોતાના ઘરમાં 'વિવેકધૈર્યાશ્રય' - 'કૃષ્ણાશ્રય' વિગેરે ગ્રંથોમાં જણાવેલ શરણમાર્ગની કેડીએ ચાલવું. કોઈ પણ સંજોગમાં પોતાની ભગવદ્ભક્તિ નો ભવાડો કરવો નહિં કે કોઈ કરતો હોય તો તેને પોષણ આપવું નહિં.

ગામની વચ્ચે બજાર છે ને બજાર વચ્ચે મંદરજી.
ઠાકોરજીના ખાલી હાથે દર્શન ના થાય અંદરજી.
તનમનધનથી ઘરમાં પોતાના ઠાકોરજીને ભજવાની.
જૂની રીત હવે નથી ગમતી થઈ એ જૂનવાણીજી.
ઓટલા ઉપર સમાધાની બેઠો ભેટસામગ્રીની રસીદ દેતો.
મંગલા પલના રાજભોગના મનોરથીને બીડો દેતો.
મનોરથો નોંધાવો અંહિયા મઠડી ઘેરે પધરાવેજી.
ઠાકોરજીના ખાલી હાથે દર્શન ના થાય અંદરજી.
ગોશાળામાં ગોવાળિયો બેઠો લીલા-સૂકા ઘાંસ વેચતો.
ગોમાતાની સેવા કરતો પુષ્ટિપ્રભુને મન અતિશય ગમતો.
ફલ ફૂલ શાક પાન ની સેવા ફૂલઘરમાં પધરાવીએજી.
ઠાકોરજીના ખાલી હાથે દરસણ ના થાય અંદરજી.
બ્રહ્મસંબંધ જો લેવો હોય તો અપરસમાં તમે નહાવોજી.
જલઘરિયાને સેવકી આપો પુષ્ટિભક્તિ દઢ થાયેજી.
મંદિરના ભીતર રહેનારા દર્શન ખાલી હાથે કરતાજી.
બાહરના દરસણ કરનારા પુષ્ટિ-નિયમ અનુસરતાજી.
ગોસ્વામી શ્યામમનોહર

''હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ, દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથાકૃતિગતી સદા, શ્રવણં કીર્તનં સ્પષ્ટમ્''-''આઘ્રાણં ચાપિ સર્વતઃ, તદન્તિકગતિર્નિત્યમેવં તદ્ભાવનં સદા, ઈદમેવેન્દ્રિયવતાં ફલં મોક્ષોપિ નાન્યથા, યથાન્ધકારે નિયતા સ્થિતિર્નાક્ષ્ણોઃ ફલં ભવેદ્, એવં મોક્ષોપીન્દ્રિયાદિયુક્તાનાં સર્વથા ન હિ, બાધકાનાં પરિત્યાગે સાધકાનાં ન તદ્ ભવેત્''--''યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે, તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ'' પૂર્ણપુરુષોત્તમની પૂર્ણ અનુભૂતિ ચિત્તના નિષેધાત્મક નીરસ કે કઠોર નિરોધ થકી શક્ય નથી. ઈન્દ્રિયોના તે તે વિષયોને ભોગવાની ચિત્તવૃત્તિઓને આપવામાં આવેલી વિધાનાત્મક સંપૂર્ણ છૂટથી પણ તે અનુભૂતિ શક્ય નથી. તે દિવ્ય અનુભૂતિ મળે છે-- દરેક ઈન્દ્રિયોની તેમજ અંતઃકરણની સહજ સરળ સરસ વૃત્તિઓથકી પરમાત્માને માણવાની ભાવભાવનાને કારણે

ગાજે ગાજે ગાજે રે ગોવિંદગુણ નિત્ય ગાજે રે.
હસ્તે વડે કરજે હરિસેવા  ચરણે હરિદર્શન ધાજે રે.
નેત્રે નિરખજે નંદનંદનને  હરિજશરસ શ્રવણને પાજે રે.
ઘ્રાણને પુષ્પ પ્રસાદી તુલસી પ્રભુનો પ્રસાદ સાધુ સંગે ખાજે રે.
નમન કરે શિર હરિ-હરિજનને તીર્થના તીર્થમાં નિત્ત ન્હાજે રે.
મન મધુ-વ્રત પદ-કમળે રાખે  દાસ હરિનો થાજે રે.
સતસંગ વિના પલક ખોશ મા દુષ્ટસંગથી દૂર જાજે રે.
દેહધારી સહૂપર દયા રાખિ  હરિ-ગુરુ-હરિજન સમ ચ્હાજે રે.
સાચો સ્નેહ રાધા-કૃષ્ણની સાથે છળ કરિ વિશ્વને મા ઘ્વાજે રે.
'દયો' કહે જો એ સધી આવે તો વણશ્રમે વૈકુંઠ જાજે રે.
ભક્તકવિ દયારામભાઈ

''નાતઃ પરતરો મંત્રો નાતઃ પરતરઃ સ્તવઃ।
નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્પરમ્''।।

(૭)
લટકાળો શ્રીગિરિવરધારી કે નિશ્છલ ભક્તિવિહારી
વલ્લભી જનને પુષ્ટિઅસ્મિતા આપે કૃપા વિચારી
પુરુષોત્તમ પ્રભુ પ્રાણસનેહી તેરે ચરણકમળ ચિત વારી
મનોરથ-પૂરણકારીને ગાવો નાચો સહૂ નરનારી
ગોસ્વામી શ્યામમનોહર

અવશ્યેયં સદા ભાવ્યા
(સિદ્ધાંત-સૂક્તિ)
(૧)આપણા માર્ગમાં ભગવત્સેવા, જાહેર મંદિરમાં નહિં, બલ્કે પોતના ઘરમાં જ કરવી જોઇએ.
(૨)ભગવત્સેવા કરવા માટે બીજાને ધન આપવાથી ભગવદ્ભક્તિને ઠેકાણે અહંકાર વધે છે. ભગવત્સેવા માટે બીજા કોઇ પાસેથી ધન સ્વીકારતાં તે સેવા ભાડૂતિ સેવા બની જાય છે.
(૩)ભગવત્સેવા સ્વધર્મ છે ῀῀ આજીવિકા નહિં.
(૪)પોતાના ભક્તિભાવ કે ભાવાત્મક મનોરથો નું જાહેર પ્રદર્શન કરવાથી હૃદય ભાવશૂન્ય બની જાય છે.
(૫)પોતાનું પેટીયું રળવા કે ફંડફાળા માટે કરવામાં આવતી ભાગવતકથા એ પ્રભુનો અનાદર છે.

સૌજન્ય: શ્રી. ટી. પરીખ અને વૈષ્ણવ વૃંદ
મુદ્રક: તુષાર એન્ટરપ્રાઈઝીસ,અંધેરી ઈંડ.એસ્ટેટ,
અંધેરી(વે),મુંબઈ῀῀૫૮.